# રાંચરડા ગામના તમામ ૪૨ રીપોર્ટ નેગેટિવ આવ્યા

**કલોલ તાલુકાના રાંચરડા ગામમાં લેવામાં આવેલા તમામ ૪૨ રીપોર્ટ નેગેટિવ આવ્યા : હોટ સ્પોટ વિસ્તાર ખોરજ ખાતે ૧૪ દિવસનું સઘન હાઉસ ટુ હાઉસ સર્વે પૂર્ણ**

ગાંધીનગર

કલોલ તાલુકાના રાંચરડા ખાતે ગઈકાલે ૪૨ રીપોર્ટ લેવામાં આવ્યા હતા. જે તમામ નેગેટિવ આવ્યા છે. તેમજ હોટ સ્પોટ વિસ્તાર ખોરજ ખાતે કુલ – ૧૪ દિવસનું સઘન હાઉસ ટુ હાઉસ સર્વે આજરોજ પૂર્ણ થયું છે, તેવું ગાંધીનગર જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી શ્રી ર્ડા મનુભાઈ સોલંકીએ જણાવ્યું છે.

મુખ્ય આરોગ્ય અધિકારી શ્રી ર્ડા. મનુભાઈ સોલંકીએ જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લાના હોટ સ્પોટ વિસ્તાર રાંચરડામાં માઈક્રો પ્લાન – બી મુજબ કુલ- ૭,૧૯૨ ની વસ્તી કેન્દ્ર બિંદુમાં રાખી ૧૪ દિવસ માટે દરરોજ હાઉસ ટુ હાઉસ સર્વે, આઈ.ઈ.સી. પ્રવૃત્તિ, માઈક પ્રચારની કામગીરી કરવાનું આયોજન કરવામાં આવ્યુ છે. જે મુજબ દરરોજ કામગીરી કરી તેનું સઘન મોનીટરીંગ કરી જિલ્લા કંટ્રોલ રૂમ ખાતે એનાલિસિસ કરવામાં આવે છે. આગામી દિવસનું આયોજન તૈયાર કરી કામગીરી કરવામાં આવે છે. આ ઉપરાંત સોડિયમ હાઈપોકલોરાઈડ સોલ્યુશન દ્વારા સળંગ ત્રણ દિવસ સુધી સ્પ્રેની કામગીરી હાથ ધરવામાં આવી છે. હોટ સ્પોટ વિસ્તાર રાંચરડા ખાતે આજરોજ બીજા દિવસે કુલ- ૭૧૯૨ વસ્તી સર્વે દરમ્યાન શરદી, ખાંસી અને તાવ ત્રણેય હોઈ તેવી એક પણ વ્યક્તિ જોવા મળી નથી. તેમજ તા.૧૨મી એપ્રિલ, ૨૦૨૦ ના રોજ રાંચરડા ખાતે લેવામાં આવેલા ૪૨ રીપોર્ટ માંથી તમામ રીપોર્ટ નેગેટિવ આવ્યા છે.

વધુમાં ર્ડા. સોંલકીએ જણાવ્યું છે કે, તા. ૧૧મી એપ્રિલ, ૨૦૨૦ ના રોજ વેડા અને પેથાપુર કલસ્ટરના ૧૪ દિવસ પૂર્ણ થયા છે. તા. ૧૩મી એપ્રિલ, ૨૦૨૦ ના રોજ ખોરજ કલસ્ટરના ૧૪ દિવસ પૂર્ણ થયા છે. તા. ૧૪મી એપ્રિલ, ૨૦૨૦ થી કલોલ તાલુકાના રાંચરડાના હોટ સ્પોટ વિસ્તારમાં કામગીરી ચાલુ રહેશે. કલોલના કન્ટેન્ટેમન્ટ પ્લાનમાં બતાવ્યા મુજબની ૭,૧૯૨ ની વસ્તીમાં સર્વેની કામગીરી કરવાની થાય છે. જિલ્લા કક્ષાની ટીમ અને એમ.ઓ. રાંચરડાની ટીમોને આંતરિક સંકલનમાં રહી ૧૨ ટીમોની રચના કરી ત્રણ ગામોની તમામ વસ્તીને આવરી લેવા તથા એમ.ઓ. રાંચરડા તથા જિલ્લા કક્ષાની ટીમ સંકલન કરી જે મેપ બનાવ્યો તે અનુસંધાને કામ કરવામાં આવશે. અમદાવાદમાં ગઈકાલે અને આજરોજ ઈમેલ દ્વારા બફર ઝોનમાં કામગીરી કરવા જણાવવામાં આવ્યું છે.



કોરોના યૌદ્ધાઓને તાલીમ - કોરોના સામેનો જંગ બરાબર જામ્યો છે ત્યારે મેડિકલ - પેરામેડિકલ સ્ટાફને વ્યાપક પ્રમાણમાં તાલીમ અપાઈ રહી છે... ગાંધીનગરની મેડીકલ કોલેજ ખાતે પેરામેડિકલ સ્ટાફને તાલીમ આપવાની કામગીરી રાતદિવસ ચાલે છે... આવનારા દિવસોમાં ગાંધીનગરમાં કોવીડ-૧૯ હોસ્પિટલ આરંભાઈ રહી છે ત્યારે વેન્ટીલેટરના ઓપરેશનની કામગીરીથી લઈ ટેસ્ટ કરવા સુધીની કામગીરીની તબક્કાવાર તાલીમ અપાય છે...

# ઉમંગના પિતા જશુભાઈને હોસ્પિટલમાંથી રજા અપાઈ

**ગાંધીનગર મેડીકલ કોલેજમાં કોરોનાના ટેસ્ટ કરવાની મંજૂરી આપવા ભારત સરકારને અરજી કરાઈ**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી આજે વધુ ૧ દર્દીને કોરોનામુક્ત થતાં રજા આપવામાં આવી છે. બીજી તરફ ગાંધીનગર મેડીકલ કોલેજમાં જ કોરોનાનો ટેસ્ટ થઈ શકે તે માટેની મંજૂરી માંગતી એક અરજી પણ કોલેજ સત્તાવાળાઓ દ્વારા કરવામાં આવી છે.

આજે સવારે ઉમંગના પિતા જસવંતભાઈ પટેલના બન્ને રિપોર્ટ નેગેટીવ આવતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. હવે સિવિલ હોસ્પિટલમાં કોરોના પોઝીટીવના ૩ દર્દીઓ જ સારવાર હેઠળ હોવાનું હોસ્પિટલના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગઈકાલે દાખલ કરાયેલ ૧૦ જેટલા દર્દીઓના રિપોર્ટ પણ આજે નેગેટીવ આવતાં તંત્રએ રાહતનો દમ જરૂર લીધો છે. પરંતુ મળતી વિગતો પ્રમાણે વધુ ૬ થી ૭ જેટલા દર્દીઓને કોરોનાના



શંકાસ્પદ લક્ષણો જણાતાં તેમને ઈન્ડોર પેશન્ટ તરીકે દાખલ કરવામાં આવ્યા છે.

બીજી તરફ ગઈકાલે રાજ્ય સરકારની ઉચ્ચસ્તરીય સમિતિની મળેલ બેઠકમાં લેવાયેલ નિર્ણય મુજબ ગાંધીનગર મેડીકલ કોલેજ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં આજે ૪૫ લોકોનું હોમ ક્વોરોન્ટાઈન પૂર્ણ થયુ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરમાં આજે ૪૫ થી વધુ લોકોનું હોમ ક્વોરોન્ટાઈન પૂર્ણ થયુ છે. હાલ શહેરમાં ૮૮ લોકો હોમ ક્વોરોન્ટાઈન હેઠળ છે.

શહેરમાં ૧૩૩ લોકો ગઈકાલ સુધી હોમ ક્વોરોન્ટાઈન હેઠળ હતા. આમ આ સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થવા પામ્યો છે.

મનપા દ્વારા ઉભા કરાયેલ ક્વોરોન્ટાઈન ફેસેલીટી સેન્ટરમાં ૮ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ છે. ગાંધીનગર મનપાએ ૧૫મી માર્ચ પછી નગરમાં આવેલા લોકોને સેલ્ફ ડેકલેરેશન માટેની કરેલી જાહેરાતને પગલે ૫૦૭ લોકોએ જુદા જુદા માધ્યમો થકી સેલ્ફ ડેકલેરેશન આપ્યુ છે.

દરમ્યાન ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા બાયોમેડિકલ વેસ્ટ કલેક્શન માટે અલગથી વાહન ફાળવવામાં આવતાં આજ સુધીમાં ૯૩૪ કિલો જેટલા બાયો મેડિકલ વેસ્ટનો નિકાલ મનપા દ્વારા કરવામાં આવ્યો છે. જેમાં ૮૧૮ કિલો પીળા કલરની બેગમાં, ૯૯ કિલો લાલ કલરની બેગમાં અને ૧૭.૩૮ કિલો વાદળી કલરની બેગમાં બાયો મેડિકલ વેસ્ટનું કલેકશન થયુ હતુ.

મનપા દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરી પણ સઘન બનાવવામાં આવી છે. આ ઉપરાંત મહાનગરપાલિકાના દરેક વિસ્તારોને ચેપમુક્ત કરવા સોડિયમ હાઈપો ક્લોરાઈડ દ્રાવણનો છંટકાવ પણ કરવામાં આવેલ છે.

# જમીયતપુરામાં ભઠ્ઠાના શ્રમિક પરિવારના બે બાળકોના મોત

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર તાલુકાના જમિયતપુરા ગામના ઈંટના ભઠ્ઠામાં કામ કરતા શ્રમજીવી પરિવારના બે બાળકોના મોત નીપજ્યાના અહેવાલથી તંત્રમાં સન્નાટો વ્યાપી ગયો છે.

આ બન્ને બાળકોના મોત કેવી રીતે થયા તેના માટે તંત્ર મેડીકલ રિપોર્ટની રાહ જોઈ રહેલ છે. જો કે પરિવારજનોના કહેવા મુજબ ફૂડ પોઈઝનીંગને કારણે આ બે બાળકોના મોત થયા છે.

મળતી વિગતો પ્રમાણે ૧૦મીએ મોડી રાત્રે આ બાળકોને ૧૦૮ની મદદથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

આ શ્રમજીવી પરિવાર છત્તીસગઢનું રહેવાસી હોવાનું જાણવા મળેલ છે. તંત્ર દ્વારા ઈંટ ભઠ્ઠાના માલિકોને આ શ્રમિકોને શુદ્ધ પીવાનું પાણી મળી રહે તેવી વ્યવસ્થા કરવાની કડક સૂચના આપવામાં આવી છે.

# સે-૨૯ના કલસ્ટર કોરન્ટાઈન વિસ્તારમાં શાકભાજી મળતા નથી...!!

ગાંધીનગર તા ૧૩

શહેરમાં સે-૨૯ માં કોરોનાના કેસને ધ્યાને લઈ તંત્રએ આ વિસ્તારને કલસ્ટર કોરેન્ટાઈન જાહેર કર્યો છે. જેના લીધે સેકટરોના તમામ એન્ટ્રી પોઈન્ટ પર પોલીસ બેરિકેટસ સાથે પોલીસ પહેરો જોવા મળી રહ્યો છે. બીજીતરફ સેકટરમાં શાકભાજીની લારી પણ પ્રવેશવામાં દેવાતી ન હોવાનો આક્રોશ વ્યકત કરતા નાગરિકોને જરૂરી ચીજવસ્તુઓ મળતી ન હોવાનો રોષ પણ પ્રબળ બન્યો છે. શહેરમાં કોરોનાની મહામારીના લીધે હાલ લોકડાઉનની સ્થિતિ વચ્ચે સેકટરોમાં સન્નાટો જોવા મળી રહ્યો છે. જયારે શાકભાજી , ફળો, દુધ અને દવા સિવાય શહેરમાં તમામ દુકાનો પણ બંધ છે. આવા સંજોગોમાં સેકટરવાસીઓને સેકટરમાં ઘર આંગણેથી જ શાકભાજી મળી રહે તે મુજબની વ્યવસ્થા પણ તંત્ર દ્વારા કરવામાં આવી છે. સેકટરોમાં શાકભાજીની લારીઓ ફરતી નજરે પડે છે. પરંતુ સે-૨૯ માં હાલ આ મુજબની વ્યવસ્થાના અભાવે સેકટરવાસીઓને હાલાકી વેઠવી પડે છે. સે-૨૯ ને કલસ્ટર કોરેન્ટાઈન જાહેર કરાયા બાદ સેકટરના તમામ પ્રવેશદ્વાર પર પોલીસનો પહેરો પણ લગાવી દેવાયો છે. જેથી સેકટરમાંથી કોઈ અંદર બહાર ન થઈ શકે પરંતુ આ સ્થિતિ વચ્ચે સ્થાનિકવાસીઓને જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ મળતી ન હોવાનો રોષ પણ નાગરિકો ઠાલવી રહ્યા છે. પોલીસ પહેરાના લીધે શાકભાજીની લારીવાળાને પણ અંદર પ્રવેશ આપવામાં આવતો નથી જેના લીધે નાગરિકોને શાકભાજી લેવા માટે પણ ફાંફા મારવા પડે છે. સ્થાનિકોની રજુઆતને ધ્યાને લઈ સેકટરવાસીઓને આ મુજબની જરૂરી વ્યવસ્થા ઉપલબ્ધ થાય તે મુજબનુ આયોજન કરવા પણ માંગ ઉઠવા પામી છે.

# શહેર-જિલ્લામાં પ્રથમ દિવસે ૨૧,૫૫૪ એ.પી.એલ.-૧ના કાર્ડધારકોને કીટનું વિતરણ

**ઘઉં અને ચણાની દાળની ગુણવત્તા નિમ્નકક્ષાની છે : કોંગી કાઉન્સીલર રાકેશ પટેલ**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં આજથી એ.પી.એલ.-૧ના કાર્ડધારકોને સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનોએથી અનાજની કીટનું વિતરણ શરૂ થયુ છે.

જિલ્લામાં આજે ૨૧,૫૫૪ કાર્ડધારકોને આ કીટ આપવામાં આવ્યું હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ હતુ. જોકે આ સંખ્યા સાંજે ૪ વાગ્યા સુધીની છે આ પછી પણ એક કલાક સુધી આ વિતરણ ચાલુ રાખવામાં આવનાર હતુ.

આજે આ કીટોનું વિતરણ સોશિયલ ડિસ્ટન્સ જાળવી અને વિતરણ કરાયુ હતુ. જોકે ગાંધીનગર તાલુકાની કેટલીક દુકાનોએ અનાજની કીટો નહિ પહોંચી હોવાની ફરિયાદો ઉઠી હતી. પુરવઠાતંત્ર આ વાતનો ઈન્કાર કરી રહેલ છે. ગાંધીનગર મામલતદારે આ બાબતે ગોડાઉન મેનેજરને નોટીસ આપી હોવાની વાતો પણ બહાર આવવા પામી છે.





બીજી તરફ કોંગ્રેસના કાઉન્સીલર રાકેશ પટેલે આજે પત્રકારોને જારી કરેલા એક નિવેદનમાં એ.પી.એલ.-૧ના કાર્ડધારકોને જે અનાજની કીટ આપવામાં આવી રહી છે તેમાં ઘઉંની ગુણવત્તા તદ્દન નિમ્ન કક્ષાની હોવાની ફરિયાદ કરી છે. આ ઉપરાંત ચણાદાળની ગુણવત્તા પણ નિમ્નકક્ષાની હોવાનું તેમણે આ નિવેદનમાં જણાવ્યુ છે.

પટેલે આ નિવેદનમાં જણાવ્યુ છે કે દરેક વ્યાજબી ભાવની દુકાનો પર સરકારી શાળાના શિક્ષકોને મુકવામાં આવ્યા છે પરંતુ ઘણી દુકાનો પર શિક્ષકો જોવા મળ્યા ન હતા. આ ઉપરાંત જે શિક્ષકો હાજર હતા તેમને માસ્ક, સેનીટાઈઝર કે હેન્ડ ગ્લોવઝ પણ આપવામાં આવ્યા નથી એ અત્યંત દુઃખદ અને ચિંતાજનક છે.

દરમ્યાન જિલ્લાતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં એ.પી.એલ.-૧ કાર્ડ ધારકોની સંખ્યા ૧,૦૯,૨૯૨ છે. આજે વિતરણ સંપૂર્ણ શાંતિપૂર્ણ વાતાવરણમાં થયુ છે તેમજ કોઈ પ્રકારની ફરિયાદો તંત્રને મળી નથી.

**લોકડાઉન લંબાવાય કે નહીં.... પરંતુ... હજુ થોડા દિવસો**

# ઘરમાં રહેવામાં જ મજા... કોરોનાને માત આપવા નાગરિકોમાં સ્વયંશિસ્ત

**લોકડાઉન અંગે આજે પ્રધાનમંત્રી સંબોધન કરવાના છે ત્યારે નગરની ગૃહીણીઓ સહીત જાગૃત નાગરિકો હાલ ઘરમાં રહેવાનુ જ સુરક્ષિત માની રહ્યા છે : કોરોનાના કહેરથી પરિચિત નાગરિકો હવે સ્વયંશિસ્ત દાખવી રહ્યા છે**

ગાંધીનગર તા ૧૩

કોરોના વાયરસના કહેર વચ્ચે સમગ્ર દેશ છેલ્લા ૨૦ દિવસથી લોકડાઉન છે. દેશમાં નજર નાંખો ત્યાં સન્નાટો છે. મહામારીના સંજોગોમાં ઉદ્યોગો અને વેપાર ધંધા ઠપ્પ થઈ ગયા છે. નાગરિકો છેલ્લા ઘણાં સમયથી ઘરમાં પુરાયેલા છે. લોકડાઉનનો તબક્કો તા ૧૪ એપ્રિલે પુર્ણ થવાનો છે. જયારે દેશના પ્રધાનમંત્રી પણ મંગળવારે સવારે ૧૦ કલાકે પ્રજાને સંબોધન કરવાના છે. ત્યારે લોકડાઉન અંગેનો નિર્ણય શુ લેવાશે તે તરફ સૌ કોઈની મીટ મંડરાઈ છે. દેશના મોટાભાગના રાજયોએ લોકડાઉન લંબાવવા અંગેના પોતાના વિચારો પણ પી એમ સમક્ષ રજુ કર્યા છે. કોરોનાને અનુલક્ષી દેશમાં સમયસર લોકડાઉન જાહેર કરવામાં આવતા હાલ પ્રમાણમાં પરિસ્થિતિ કાબુમાં હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. લોકડાઉન અંગે સમયસર નિર્ણય ન લેવાયો હોત તો દેશમાં લાખો નાગરિકો કોરોનાની ઝપટમાં આવી ગયા હોત તે વાત પણ સ્પષ્ટ થઈ ચુકી છે. ત્યારે આગામી દિવસોમાં લોકડાઉન જારી રહેશે કે કેમ તે અંગે પણ અનેક તર્ક વિતર્કો થઈ રહ્યા છે. ગાંધીનગરવાસીઓ પણ લોકડાઉન અંગે અનેક પ્રકારના અભિપ્રાયો વ્યકત કરતા નજરે પડે છે. જો કે આ સ્થિતિ વચ્ચે હજુ પણ ૧૫ દિવસ લોકડાઉન લંબાવામાં આવે તે વાતની નગરજનો ખુલ્લેઆમ ફેવર કરી રહ્યા છે. ગાંધીનગર જિલ્લામાં કોરોનાના ૧૫ કેસ નોંધાયા છે. સેકટરોમાં છેલ્લા ૨૦ દિવસથી નગરજનો ઘરમાં પુરાયેલા છે. જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ લેવા સિવાય નાગરિકો બહાર નિકળતા નથી. પોલીસતંત્ર પણ મહેનત કરી રહ્યુ છે. આકરી ગરમી પણ શરૂ થઈ ગઈ છે.ત્યારે બપોરના ૧૨ થી ૫ આમ પણ અંગારા વરસતી ગરમીમાં બહાર નિકળવાનુ મુશ્કેલ બન્યુ છે. ત્યારે લોકડાઉનના મુદ્દે નગરજનો હવે ટેવાઈ ગયા છે. એટલુ જ નહીં આ મહામારીની ગંભીરતા સમજીને લોકડાઉન હજુ પણ લંબાવાય તેવો સુર પણ ઉઠાવી રહ્યા છે. નગરજનો કોરોનાથી બચવા માટે જાગૃત છે. ભયભીત પણ છે. ઘરમાં રહીને જ સુરક્ષિત રહેવાશે

● અનુસંધાન પાન-૭ પર

## દુઃખદ અવસાન



મારા પુત્ર નિલેષ (રોકીભાઈ) અબુજીનભાઈ પરમારનું તા. ૧૩-૪-૨૦૨૦નું સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને લૌકિક ક્રિયા નાતના રિવાજ પ્રમાણે તા. ૧૭-૪-૨૦૨૦ને શુક્રવારના રોજ રાખેલ છે.

રોહિતવાસ, ગામ : પલિયડ, તા. કલોલ, જિ. ગાંધીનગર

લિ. અબુજીનભાઈ ચુંથાભાઈ પરમાર (પિતા), રતનબેન અબુજીનભાઈ પરમાર (માતા), જીગ્નેશભાઈ અબુજીનભાઈ પરમાર (ભાઈ), મનીષા જીગ્નેશભાઈ પરમાર (ભાભી), હિરલબેન પ્રવિણભાઈ પરમાર (બેન), રેશમબેન કિરીટભાઈ પરમાર (બેન), જસ્મિકાબેન અબુજીનભાઈ પરમાર (બેન)

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com